# પીવાના પાણીની સમસ્યા હલ કરવા ગામડાઓમાં ૭૨ નવીન ટ્યુબવેલ બનાવાયા

## ૧૯ ગામોમાં નવીન પમ્પીંગ મશીનરીની વ્યવસ્થા કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા હલ કરવા છેલ્લા બે વર્ષમાં ૭૨ નવીન ટ્યુબવેલ બનાવવા ઉપરાંત ૧૯ નવીન પમ્પીંગ મશીનરી પુરી પાડવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ છાશવારે પાણીની પોકાર ઉઠવા પામે છે. શહેરી વિસ્તારમાં અગાઉના વર્ષોમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો જયારે જિલ્લાના ગામોમાં પણ પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા સરકાર દ્વારા નવીન ટ્યુબવેલ બનાવવા ઉપરાંત જરુરી મશીનરી પણ પુરી પાડવામાં આવી છે. વિધાનસભા ગૃપમાં કલોલના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં પાણી પુરવઠા મંત્રીએ જણાવ્યું હતું કે ગામોમાં પીવાના પાણી માટે બે વર્ષમાં ૭૨ નવીન ટ્યુબવેલ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૯ નવીન પમ્પીંગ મશીનરી પણ પુરી પાડવામાં આવી છે. પાણી વિભાગ દ્વારા ટેન્કરથી કોઈ ગામોમાં પીવાનું પાણી પુરું પાડવામાં આવ્યું નથી તેમ પણ તેમણે જણાવ્યું હતું.

**કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ૨૭૩ લાભાર્થીઓને સહાય ચુકવાઈ**

કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ જિલ્લામાં એક વર્ષ દરમિયાન ૨૭૩ અરજદારોને લાભ આપવામાં આવ્યો છે. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યું હતું કે અનુસુચિત જાતિના લોકો માટેની આ યોજના અન્વયે વિભાગને ૨૭૪ અરજીઓ મળી હતી. જયારે આ પૈકી ૨૭૩ અરજીઓ મંજુર કરવામાં આવી હતી. છેલ્લા એક વર્ષમાં મંજુર થયેલી આ અરજીઓ અન્વયે રૂ. ૨૭.૩૦ લાખની સહાય ચુકવવામાં આવી છે.

**પંચદેવ મંદિરમાં અજવાળુ પાથરવા ૪.૮૦ લાખ ખર્ચાયા**

ગાંધીનગર જિલ્લામાં સરકારના વહીવટી હેઠળના ૧૩ દેવસ્થાન પૈકી રૂપાલ વરદાયિની માતા મંદિરના વિકાસ માટે રૂ. ૫૧ લાખનું અનુદાન ફાળવવામાં આવ્યું હતું. જેમાંથી સ્ટ્રીટ લાઈટ અને પાર્કીંગ સહિતના કામો હાથ ધરાયા હતા. આ ઉપરાંત નગરના સૌથી જૂના પંચદેવ મંદિરમાં અજવાળુ પાથરવા પણ રૂ. ૪.૮૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. અન્ય દેવસ્થાનોના વિકાસ માટે પણ કલેકટર કક્ષાએથી રજૂઆતના અંતે કામગીરી હાથ ધરાશે તેમ માણસાના ધારાસભ્ય અમિતભાઈ ચૌધરીન પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યું હતું.

**બે વર્ષમાં બે ઓદ્યોગિક તાલીમ સંસ્થાને મંજુરી**

છેલ્લા બે વર્ષ દરમિયાન જિલ્લામાં ૨ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને મંજુરી આપવામાં આવી છે. દાણી લીમડાના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યું હતું કે બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં એક સરકારી અને એક સ્વનિર્ભર તેમ બે નવી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને મંજુરી આપવામાં આવી છે.

**કોન્ટ્રાક્ટર દ્વારા શ્રમ કાયદાઓના ભંગ અંગે ૧૫૮ ફરિયાદો : ૯ ફોજદારી કેસ**

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં લેબર કોન્ટ્રાકટર તરીકે ૪૧૨ કિસ્સામાં ૩૮૯ અરજદારોને નવા લાઈસન્સ આપવામાં આવ્યા છે જયારે લાયસન્સ રીન્યુ કરાવવા માટે મળેલી ૭૩૩ અરજીઓ પૈકી ૬૭૦ કિસ્સામાં રીન્યુઅલની પ્રક્રીયા પૂર્ણ કરવામાં આવી છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યું હતું કે આ દરમિયાન પરવાનેદાર કોન્ટ્રાકટર દ્વારા શ્રમ કાયદાઓના ભંગ અંગેની કુલ ૧૫૮ ફરિયાદો મળી છે. આ ફરિયાદો અન્વયે કુલ ૧૬૦ ફોજદારી કેસ તથા કોન્ટ્રાકટર મજુર નિયમન અને નાબૂદી ૧૯૭૦ હેઠળ ૯ ફોજદારી કેસ કરવામાં આવ્યા છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

- ધનંજય જોષી

## જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ ૨૭૩ લાભાર્થીઓને લાભ અપાયો : શ્રમ કાયદાઓના ભંગ બદલ ૧૫૮ ફરિયાદો નોંધાઈ



**મારે ઘેર ચકલી બેસે તે મારું રજવાડું**

તાજેતરમાં વિશ્વ ચકલી દિને વ્હોટસએપ પર સુંદર પંકિતઓ વાંચવા મળી હતી. 'તારો વૈભવ સોનું, રંગમાહોલ અને ચાકરગાડું, મારે ઘેર ચકલી બેસે તે મારું રજવાડું!' ખરેખર આજના જમાનામાં એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે આંગણામાં ચકલી માળો કરે તે છાતી કાઢીને કહેવા જેવી વાત ગણાય છે. ગાંધીનગરના સે-૫માં એક નગરજનના ઘર પાસે જંગલી ચકલીએ કુદરતી માળો બનાવ્યો છે. (તસવીર : દિપક જાની)

# પાકના પોષણક્ષમ ભાવના મામલે કિસાન સંઘ આવેદનપત્રો આપશે

## તાલુકા-જિલ્લા અને પ્રદેશ કક્ષાએ આવેદનપત્ર આપી માંગ બુલંદ બનાવાશે ભૂમિ અધિગ્રહણ બીલના મુદ્દે કિસાન વિરોધી મુદ્દાઓ પણ રજૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૪

કપાસ અને બટાટાના પાકમાં આર્થિક ફટકો સહન કર્યા બાદ કમૌસમી વરસાદના લીધે ઘઉંના પાકને નુકશાન થતા ખેડૂતો દયનીય હાલતમાં મુકાઈ ગયા છે. ભારતીય. કિસાન સંઘ દ્વારા પાકોના પોષણક્ષમ ભાવ અને ખરીદીની ગેરંટીની માંગ સાથે આગામી એપ્રિલમાં તાલુકા-જિલ્લા અને પ્રદેશ કક્ષાએ મામલતદાર અને કલેક્ટરને

● અનુસંધાન પાન-૭ પર

# છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીના ગુજરાતમાં રૂ. ૨.૦૬ અબજના દારૂનો તો માત્ર નાશ કરાયો..!

## ગાંધીનગરમાં પોણા ત્રણ લાખ દારૂ-બિયરની બોટલો અને ૫૮ હજાર લીટર દેશી દારૂનો નાશ થયો : પાંચ વર્ષમાં જિલ્લામાંથી ૧૫ને પાસા અને ૨૮નો તડીપાર કરાયા

ગાંધીનગર, તા. ૨૪

ભારત દેશમાં મેઘાલય અને ગુજરાત બે જ રાજ્યો એવા છે જ્યાં દારૂબંધી છે. તે ઉપરાંત મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં દારૂબંધી છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં અન્ય રાજ્યો કરતાં વધુ દારૂ પીવાતો હશે તેમ પોલીસે પકડેલા દારૂના જથ્થા પરથી કહી શકાય..! છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં રૂ. ૨.૦૬ અબજથી વધુ કિંમતનો દારૂ તો માત્ર પકડાયો છે. જેનો અત્યાર સુધીમાં નાશ કરવામાં આવ્યો છે. હવે વિચારવુ જ રહ્યું કે દારૂ પીવાયો કેટલો હશે...! રાજ્યના પાટનગર ગાંધીનગરમાંથી પણ પાંચ વર્ષમાં પોણા ત્રણ લાખથી વધુ વિદેશી દારૂ-બિયરની બોટલો અને ૫૮ હજાર લીટરથી વધુ દેશી દારૂ પકડાયો છે અને તેનો નાશ કરાયો છે.

વિધાનસભામાં વિરમગામના ડૉ. તેજશ્રીબેન પટેલે સરકારને પ્રશ્ન કર્યો હતો કે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત રાજ્યમાં કેટલો વિદેશી-દેશી દારૂનો નાશ કરવામાં આવ્યો છે ? જેમાં માહિતી મળી છે કે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત રાજ્યમાં રૂ. ૨,૦૬,૬૮,૯૮,૨૭૨ની રકમનો દેશી-વિદેશી દારૂ પોલીસે હેરાફેરી તથા વેચાણ સ્થળોએથી દરોડામાં પકડ્યો છે. જેનો સરકારે તબક્કાવાર નાશ કર્યો છે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં દેશી દારૂ ૫૮૪૦૩ લીટર, વિદેશી દારૂની ૧૮૬૫૦૦ બોટલો અને ૯૫૬૬૧ બિયરના ટીન/બોટલ પકડાયેલી છે. જેનો પણ નાશ કરાયો છે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાંથી છેલ્લા પાંચ વર્ષમાં ૨૮ વ્યક્તિઓને તડીપાર તથા ૧૫ વ્યક્તિઓને પાસામાં ધકેલવામાં આવ્યા છે.

# દીકરીઓએ માતાને કાંધ આપી દિકરાની ખોટ પુરી

## ત્રણ દિકરીની માતાને લકવો પડતા માતાની અંતિમ શ્વાસ સુધી સેવા કરી : દિકરાના સ્થાને દિકરીઓએ મુખાગ્ની આપી

ગાંધીનગર, તા. ૨૪

એક સમયમાં દિકરીને સાપનો ભારો સમજવામાં આવતી હતી. દિકરીઓ આ દુનિયામાં આવી તેની કાલીઘેલી ભાષા બોલે તે પહેલા જ તેને કુખમાં પીખી નાંખવામાં આવતી હતી. પુત્ર મોહમાં લોકો અંધ બનીને પત્થર એટલા દેવ કરતા પણ જોયા છે. ત્યારે પાટનગરમાં ત્રણ દિકરીઓ માના ખોળામાં રમવાનું સૌભાગ્ય મેળવ્યું હતું. માતાનું અવસાન થતા ત્રણે દિકરીઓએ કાંધ આપી એક દિકરાની ખોટ પુરી હતી.

ગાંધીનગરની ત્રણ દીકરીઓએ આજે દિકરાની ખોટ પુરી કરી હતી. ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામના વતની ડાહીબેન આત્મારામ વાળંદને ભગવાને ત્રણ દિકરીઓ આપી હતી. દિકરીઓને કાળજાના કટકાની જેમ ઉછેરી, ભણાવી, ગણાવીને યોગ્ય સાસરે વળાવી.

દિકરીઓને ભીની આંખે વળાવ્યા બાદ ડાહીબેન સામે ચિંતાના વાદળો છવાયા હતા. તેમને ચિંતા હતી કે હવે અમને અમારા જીવનની અંતિમ સમયમાં સાથ કોણ આપશે ? તેમજ મોટો સવાલ એ પણ હતો કે પુરૂષ પ્રધાન સમાજમાં મોતના સમયે મને કાંધ કોણ આપશે ?

● અનુસંધાન પાન-૭ પર



# કચરામાંથી ખાતર બનાવવાનું મનપાનું સકારાત્મક અભિયાન

## નગરના સર્કલો તથા નર્સરીમાં આ ખાતર વપરાય છે અને ખેડૂતોને પણ નજીવી કિંમતે ખાતર પુરૂ પડાય છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાએ



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

સ્વચ્છતા અભિયાન માટે જબરદસ્ત કમરકસી છે. જે અનુસંધાને હાલમાં ઘેર ઘેર કચરો ઉપાડવાની દૈનિક કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આ એકઠા થયેલા કચરામાંથી ખાતર બનાવી તેના શ્રેષ્ઠ ઉપયોગની માર્ગદર્શિકા સાથે હોદ્દેદારો અને વહીવટી અધિકારીઓએ પ્રોત્સાહીક અભિયાન હાથ ધર્યું છે. જેમાં બનેલું ખાતર નગરના સર્કલો, બગીચા અને નર્સરીમાં ઉપયોગ લેવાય છે તેમજ વધારાના ખાતરને ખેડૂતોને નજીવી કિંમતે વેચાણ કરી જૈવિક ખેતીને પ્રાધાન્ય પુરૂ પાડ્યું છે. મનપાની આ કામગીરીને સર્વત્રથી જબરદસ્ત પ્રતિસાદ સાંપડ્યો છે ત્યારે નગરજનોએ કચરો ઘેર ઘેર આવતા મનપાની કચરા પેટીમાં જ આપવા આગ્રહ રખાયો છે.

મનપાએ નગરને સ્વચ્છ,સુંદર અને સુવિધાયુક્ત બનાવવા દરેક ક્ષેત્રમાં હરણફાળ ભરી છે. મનપાના હોદ્દેદારોના સાથ અને સહકારથી વહીવટી પાંખ પણ નગરને દરેક બાબતોમાં અદ્યતન સુવિધા પ્રાપ્ત થાય તેવા પ્રયાસો કરે છે. મનપાના મ્યુનિસિપલ કમિશનર જી.આર. ચૌધરીએ જણાવ્યું છે કે નગરમાંથી દૈનિક એકઠા થતા કચરાનો મનપા દ્વારા રીસાઈકલીંગ કરી સદ્ઉપયોગ કરાય છે. વેસ્ટ કચરામાંથી વર્મી કમ્પોસ્ટ અને કમ્પોસ્ટ ખાતર બનાવાય છે. જે માટે નગરમાં અલગ અલગ સાઈટો ઉપર પ્રક્રિયા ચાલી રહી છે. દૈનિક એકઠા થતા કચરામાંથી ઘરના કચરો, શાકભાજીનો કચરો, પ્લાસ્ટિક કચરો તથા અન્ય કચરાને જુદો જુદો તારવી દેવાયછે. જેમાં શાકભાજીમાંથી કમ્પોસ્ટ ખાતર બનાવાય છે જ્યારે અળસીયા થકી વર્મી કમ્પોસ્ટ ખાતર બને છે. તેમજ સેક્ટર-૨૧, સેક્ટર-૨૪ તથા અન્ય શાકમાર્કેટમાંથી લવાતો શાકભાજી વેસ્ટ કમ્પોસ્ટ ખાતર બનાવવામાં આવે છે. જ્યારે અન્ય વેસ્ટમાંથી અળસીયા પેદા કરી વર્મી કમ્પોસ્ટ ખાતર બને છે.

ઉત્પાદીત ખાતરને નગરમાં આવેલા સરકલોના બગીચામાં, અન્ય બગીચામાં અને મનપાની નર્સરીમાં ઉપયોગમાં લેવાય છે. જ્યારે વધારાનું ખાતર ખેડૂતોને નજીવા દરે વેચાણ કરી દેવાય છે. જેમાં ૮ રૂ. કીલો, ૧૪ રૂ. બે કિલો, તેમજ પચાસ કિલો લેવુ હોય તો રૂ. ૬ ના ભાવે અપાય છે. જૈવિક ખેતીની ઉપજોના આગ્રહી ખેડૂત વર્ગ આ ખાતર મેળવી સંતોષ વ્યક્ત કરી રહ્યા છે અને મનપા આ આવકને વિકાસના કામોમાં ઉપયોગ કરી રહી છે. ખાતર બનાવવા માટે જુદા જુદા સ્થળોની પસંદગી કરાઈ છે. જે નગરજનોને નિહાળવું હોયતો તે નિહાળી મનપાના આ પ્રોત્સાહીક અભિયાનને મદદરૂપ થઈ શકે છે.

# જિલ્લામાં બાળકો પર આચરવામાં આવતા ગુનાઓનું પ્રમાણ વધ્યું

## છેલ્લા ૫ વર્ષમાં ૨૫૮ બનાવો નોંધાયા : ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ બનાવો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં બાળકો પર આચરવામાં આવતા ગુનાઓનું પ્રમાણ વિશેષ હોવાનું સ્પષ્ટ થયું છે. છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લામાં આ પ્રકારના ૨૫૮ ગુનાઓ નોંધાયા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં સૌથી ૧૧૧ ગુનાઓ નોંધાયા છે.

વિધાનસભાની અતારાંકિત પ્રશ્નોત્તરીમાં અમરેલીના ધારાસભ્ય પરેશ ધાનાણી દ્વારા રજૂ થયેલા પ્રશ્નના લેખિત જવાબમાં સરકાર દ્વારા બાળકો પર આચરવામાં આવતા ગુનાઓના પ્રમાણમાં આંશિક વધારો થયો હોવાનો એકરાર કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં પણ છેલ્લા પાંચ વર્ષમાં બાળકો પર આચરવામાં આવતા ગુનાઓના ૨૫૮ બનાવો નોંધાયા છે. જેમાં છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ ૧૧૧, માણસા તાલુકામાં ૪૬, કલોલમાં ૬૩ અને દહેગામમાં સૌથી ઓછા ૩૮ બનાવો નોંધાયા છે. સરકારે આ મામલે તેમ પણ જણાવ્યું છે કે ગાંધીનગર સહીત અમદાવાદ, મહેસાણા અને પાટણ જિલ્લામાં બાળકો પર આચરવામાં આવતા ગુનાઓને ડામવા ૧,૪૨૭ ગુનેગારોની ધરપકડ કરવામાં આવી છે., જ્યારે ૯૫ ગુનેગારોની ધરપકડ કરવાની બાકી છે. પકડાયેલા આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવી છે. બાકી આરોપીઓને પકડવા તેઓ વિરૂદ્ધ વોરંટ કાઢવાની અમલવારી કરવામાં આવી છે.

# વિધાનસભામાં બે દિવંગત સભ્યશ્રીઓને ગૃહની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રીશ્રી અને વિધાનસભા ગૃહના નેતા શ્રીમતી આનંદીબહેન પટેલે આજે તેરમી વિધાનસભાના છટ્ઠા સત્રના શોકદર્શક ઉલ્લેખોમાં રાજય કક્ષાના પૂર્વમંત્રી સ્વ. જનકસિંહ ખેંગારજી રાણા અને પૂર્વ સંસદીય સચિવશ્રી સ્વ. ગોસાઈભાઈ છીબાભાઈ પટેલના અવસાન અંગે શોક -દર્શિત કરી સદ્ગત સભ્યોને ભાવાંજલિ આપી હતી.

વિધાનસભા અધ્યક્ષાશ્રી ગણપતસિંહ વસાવા, વિપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, રાજયમંત્રીશ્રી જયંતિભાઈ કવાડિયા, નાયબ મુખ્યદંડકશ્રી આર. સી. પટેલ તથા અન્ય સભ્યશ્રીઓએ પણ દિવંગત સભ્યોને અંજલિ આપી હતી.

ગૃહના સૌ સભ્યોએ બે મિનિટનું મૌન પાળી દિવંગત આત્માની શાંતિ માટે -ાર્થના કરી હતી.















Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com